વિદ્યાસહાયક યોજના
સ્ત્રી વિદ્યાસહાયકોને પ્રસુતિ રજા.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
ઠરાવક્રમાંક:પીઆરઈ-૧૧૯૯-ઈએમ-૧૦૧૨-ક,
તારીખ:૨૨/૧૦/૦૩.

<u>સંદર્ભ:-</u>

૧. નાણાં વિભાગનો તા.૮/૨/૯૮નો ઠરાવ ક્રમાંક:પીજીઆર-૧૦૯૮-૧૭-એમ.
૨. શિક્ષણ વિભાગનો તા.૧૧/૬/૯૮નો ઠરાવ ક્રમાંક:પીઆરઈ/૧૦૯૬/૩૦૫૦-૧૦૨૭(૯૮)ક
૩. શિક્ષણ વિભાગનો તા.૧૬/૯/૨૦૦૦નો પત્રક્રમાંક:પીઆરઈ/૧૧૯૯/ઈએમ/૧૦૭૩/ક.

<u>ઠરાવ:</u>

ઉપર આમુખમાં સંદર્ભ ૨માં જણાવેલ શિક્ષણ વિભાગના તા.૧૧/૬/૯૮ના ઠરાવથી જિલ્લા પંચાયતો, અધિકૃત નગર પાલિકા,મહાનગરપાલિકાઓની પ્રાથમિક શાળામાં વિદ્યાસહાયકોની ભરતી કરવાની યોજના અમલમાં મુકી છે.સંદર્ભ ૩માં જણાવેલ શિક્ષણ વિભાગના તા.૧૬/૯/૨૦૦૦ના પત્રથી સ્ત્રી વિદ્યાસહાયકોને પ્રસુતિના હેતુસર બે માસની બિન-પગારી રજા મંજુર કરવાની મંજુરી આપવામાં આવી છે.સ્ત્રી વિદ્યાસહાયકોને સરકારી કર્મચારીઓની જેમ જ પ્રસુતિની રજા મંજુર કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે સરકાર ઠરાવે છે કે સંદર્ભ ૧માં જણાવેલ નાણાં વિભાગના ઠરાવની જોગવાઈઓ અને તેમાં વખતો વખત થયેલ સુધારા વધારાને આધીન સ્ત્રી વિદ્યાસહાયકોને પ્રસુતિની રજા મંજુર કરવાની રહેશે.

આ ઠરાવનો અમલ સદર ઠરાવ રવાના થયાની તારીખથી કરવાનો રહેશે.

જે સ્ત્રી વિદ્યાસહાયકો હાલ પ્રસુતિની રજા પર હોય અને તેઓ તેના સંદર્ભ-(૩)માં જણાવેલ પત્રની સુચના મુજબ બીન-પગારી રજા પર ચાલુ હોય તેઓને પણ આ ઠરાવનો લાભ નાણાં વિભાગના સંદર્ભ ૧ ઠરાવ મુજબ નિયત મળવાપાત્ર રજાઓની મર્યાદામાં આપવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૫/૧૦/૦૩થી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/-
(બાબુભાઈ નાયી)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ,ગાંધીનગર.

ક્રમાંક:પ્રાશિનિ/ક/૧૨/
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨,પહેલે માળ,જુ.સ.,
ગાંધીનગર. તા. /૧૧/૨૦૦૩.

<u>નકલ રવાના જાણ અને અમલ સારું:-</u>
પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા શિક્ષણ સમિતિઓ,તમામ
શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,તમામ.

(આર.કે.તડવી)
શ્રેયાન નિયામક,
પ્રા.શિ.નિ.ની કચેરી,ગાંધીનગર.